ઑક્ટોબર 2014,

## શ્રી રતિલાલ ચંદરયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિના આ અવસરે તેમના સ્મૃતિપર્વની ઉજવણી નિમિત્તે ગુજરાતીલેક્સિકોનની વિવિધ રજૂઆતો અને પ્રતિભાશોધ સ્પર્ધાઓ

તંત્રી શ્રી,

ગુજરાતી ભાષાને પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર અને ગુજરાતી ભાષાના પ્રચાર – પ્રસાર અને સંવર્ધનને પોતાની જિંદગીનો એક માત્ર ધ્યેય માનનાર હૃદયસ્થ **શ્રી રતિલાલ ચંદરયાની** 13 ઑક્ટોબરના રોજ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ હતી. વિજયાદશમીને દિને જ જન્મેલા અને વિજયાદશમીના દિને જ ચિર વિદાય લેનાર રતિકાકા ગુજરાતીલેક્સિકોન થકી લોકોના અંતરમનમાં સદાય જીવંત છે. રતિકાકાએ જીવનનાં અમૂલ્ય 25 વર્ષ કરતાં વધુ સમય આ પ્રકલ્પ પાછળ આપ્યો છે. તેમની પ્રથમ પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ગુજરાતીલેક્સિકોન પરિવાર તથા સમગ્ર ભાષાપ્રેમીઓ ખૂબ જ આદર, સન્માન અને અહોભાવની ભાવના વહાવે છે. તેમના સ્મૃતિપર્વ નિમિત્તે ગુજરાતીલેક્સિકોન કેટલીક પ્રસ્તુતિઓ આપની સમક્ષ રજૂ  કરે છેઃ

### સ્વાહિલીલેક્સિકોનની રજૂઆત

સ્વાહિલી ભાષા આફ્રિકાના દક્ષિણ-પૂર્વીય ભાગના દેશો કેન્યા  , ટાન્ઝાનિયા, યુગાન્ડા, રવાન્ડા, બરુન્ડી, મોઝામ્બિક વગેરે દેશોમાં બોલાતી ભાષા છે. કેન્યા , ટાન્ઝાનિયા, યુગાન્ડા અને કોંગો - આફ્રિકા સંઘના આ ચાર દેશોની અધિકૃત માન્ય ભાષા ગણાય છે. શરૂઆતનાં વર્ષોમાં આ ભાષા અમુક મર્યાદિત પ્રદેશમાં જ બોલાતી હતી પણ વૈશ્વિક ફેલાવાની સાથે સાથે ભાષાનો વ્યાપ પણ વધવા લાગ્યો.

જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશમાં બોલાતી ભાષા તે દેશની વ્યક્તિ માટે અનિવાર્ય ભાષા હોય છે. આજે સેંકડો વર્ષોથી ગુજરાતી પ્રજાનો પૂર્વ આફ્રિકાની ધરતી સાથે ઘનિષ્ટ સંબંધ છે. ધંધા-ઉદ્યોગ, નોકરી કે અન્ય કારણોસર સ્વાહિલી ભાષા બોલાતા પ્રદેશોમાં ઘણા ગુજરાતી લોકો વસ્યા છે અને તેમાંના ઘણી વ્યક્તિઓ "કામચલાઉ" સ્વાહિલી ભાષા જાણે છે

સ્વાહિલી - ગુજરાતી, ગુજરાતી - સ્વાહિલી મુજબ ભાષાવ્યવહારમાં વપરાતા અગત્યના શબ્દો તથા વાક્યોની વેબસાઇટ અને મોબાઇલ ઍપ્લિકેશન દ્વારા અહીં રજૂઆત કરવામાં આવી છે. આજે જ અહીં આપવામાં આવેલી લિંક વડે આ વેબસાઇટની મુલાકાત લો તથા તમારા એન્ડ્રોઇડ ફોનમાં આ ઍપ્લિકેશન ડાઉનલોડ કરો અને સ્વાહિલી ભાષા પરિચય કેળવવા માટે તૈયાર થઈ જાઓ.

વેબસાઇટ : http://www.swahililexicon.com/

મોબાઇલ ઍપ્લિકેશન ડાઉનલોડ કરવાની લિંક:

https://play.google.com/store/apps/details?id=com.arnion.swahilidict

ગુજરાતીલેક્સિકોન દ્વારા બે નવીન મોબાઇલ ઍપ્લિકેશનની રજૂઆત (1) સાર્થ ગુજરાતી જોડણીકોશ (2) કેમેરા ઍપ્લિકેશન

### સાર્થ જોડણીકોશ

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સાર્થ જોડણીકોશ ગુજરાતી ભાષાનો સૌથી પ્રમાણભૂત જોડણીકોશ ગણાય છે. ગુજરાતી શબ્દોની સાચી જોડણી જોવા માટેનો આ પ્રમાણિત કોશ છે. 68467 શબ્દો ધરાવતો આ શબ્દકોશ ઘણો જ સમૃદ્ધ તથા ઉપયોગી છે. ગુજરાત વિદ્યાપીઠના સૌજન્યથી ગુજરાતીલેક્સિકોન દ્વારા એન્ડ્રોઇડ પ્લેટફોર્મ પર કાર્યરત તેની મોબાઇલ ઍપ્લિકેશનની રજૂઆત  આપની સમક્ષ રજૂ થઈ રહે છે. ગુજરાતી ભાષાના અભ્યાસ, સંશોધન અને લેખન વગેરે સંદર્ભે મોબાઇલના માધ્યમથી આ ઍપ્લિકેશન આપને ખૂબ ઉપયોગી બનશે.

મોબાઇલ ઍપ્લિકેશન ડાઉનલોડ કરવાની લિંક :

https://play.google.com/store/apps/details?id=com.arnion.sarthdict

### કેમેરા ઍપ્લિકેશન

અંગ્રેજી ભાષા ન જાણતાં અથવા આ ભાષાનું અલ્પજ્ઞાન ધરાવતા લોકો માટે આ મોબાઇલ ઍપ્લિકેશન ઘણી ઉપયોગી છે. આ ઍપ્લિકેશનની મદદથી કોઈ પણ અંગ્રેજી શબ્દનો આપના મોબાઇલ દ્વારા ફોટો પાડો, ત્યારબાદ તે ફોટાને ઍપ્લિકેશનની મદદથી સ્કેન કરાવો અને પછી ઍપ્લિકેશનમાં આપેલ ભાષા રૂપાંતરણની મદદથી તે અંગ્રેજી શબ્દનો ગુજરાતી અર્થ આપને ત્યાં જોવા મળશે. રોજબરોજના વ્યવહારુ તથા વ્યાવસાયિક કાર્યોમાં ભાષાના કારણે ઊભી થતી મુશ્કેલી આ ઍપ્લિકેશન દ્વારા સરળતાથી ટાળી શકાશે. ગુજરાતીલેક્સિકોનની આ નવીન મોબાઇલ ઍપ્લિકેશન આપ સૌને ઘણી ઉપયોગી સાબિત થશે.

મોબાઇલ ઍપ્લિકેશન ડાઉનલોડ કરવાની લિંક :

https://play.google.com/store/apps/details?id=com.arnion.glcamera

### સુવિચાર વોલપેપર

ગુજરાતીલેક્સિકોન વેબસાઇટ પર હવે તમે વિવિધ પ્રેરણાદાયી વિષયો અને મહાનુભાવોના પ્રેરક જીવનમાંથી વિણેલાં મોતી જેવા સુવિચારોના આકર્ષક વોલપેપર મેળવી શકો છો. આ વોલપેપર તમે વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અને વિવિધ સોશિયલ મિડિયા પર તમારા મિત્રો સાથે શેર પણ કરી શકો છો.

વોલપેપર ડાઉનલોડ કરવા માટેની લિંક  :

http://www.gujaratilexicon.com/glwallpapers

**પ્રતિભાશોધ સ્પર્ધા ઓ :** ગુજરાતીલેક્સિકન દ્વારા ગુજરાતી ભાષા સાહિત્યના પ્રચાર – પ્રસાર તથા ગુજરાતી ભાષાના પ્રતિભાશાળી સર્જકોને બિરદાવવા માટે બે પ્રકારની પ્રતિભાશોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. (1) નિબંધલેખન સ્પર્ધા (2) નવલિકા (ટૂંકી વાર્તા). આ સ્પર્ધાની વિગતો નીચે મુજબ છે.

## પ્રતિભાશોધ સ્પર્ધા 1

**નિબંધલેખન** : આશરે 1500થી 1700 શબ્દોમાં વર્ણન

નિબંધલેખનના વિષયો

- ગુજરાતી ભાષાનું ભવિષ્ય
- ભાષાની આજ અને આવતી કાલ
- ચાલો, ભાષાનું ગૌરવ વધારીએ
- આપણી ભાષા - આપણી સંસ્કૃતિ
- આપણે અને આપણી માતૃભાષા
- ગૌરવવંતા ભાષાવીરો

**પ્રથમ ઇનામઃ 25,000 રૂપિયા**

**દ્વિતીય ઇનામઃ 15,000 રૂપિયા**

## પ્રતિભાશોધ સ્પર્ધા 2

**નવલિકા (ટૂંકી વાર્તા) :** આશરે 1700થી 2000 શબ્દોમાં

**પ્રથમ ઇનામઃ 25,000 રૂપિયા**

**દ્વિતીય ઇનામઃ 15,000 રૂપિયા**

**કૃતિ મોકલવાની અંતિમ તારીખ** : 30 નવેમ્બર 2014

**કૃતિ મોકલવાનું સ્થળ અને સરનામું** :

303- એ, આદિત્ય આર્કેડ,

ચોઇસ રેસ્ટોરાં પાસે, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ – 380 009 ગુજરાત, ભારત. ફોન : +91-79-4004 9325 ઈમેલ : info@gujaratilexicon.com

**પરિણામ જાહેર તારીખઃ** 13 જાન્યુઆરી 2015

## સ્પર્ધાના સામાન્ય નિયમોઃ

- આ સ્પર્ધાઓ માટે વયમર્યાદાનો કોઈ બાધ નથી. રસ ધરાવતા દરેક ગુજરાતી સાહિત્યપ્રેમી મિત્ર ભાગ લઈ શકે છે. દરેક સ્પર્ધક એક જ કૃતી મોકલી શકશે અને એ રચના 'અગાઉ ક્યાંય પ્રકાશીત થઈ નથી' તેવું લખાણ સાથે બીડવું જરૂરી રહેશે.
- રજૂ કરેલ કૃતિ મૌલિક હોવી જોઈએ, જો કૃતિ અન્ય કોઈની નકલ કરેલ માલૂમ પડશે તો તે કૃતિ સ્પર્ધામાંથી રદબાતલ કરવામાં આવશે.
- કૃતિ – 'સાર્થજોડણી'ના નિયમો પ્રમાણેની હોવી જોઈએ તથા નિશ્ચિત સમયમર્યાદામાં સૉફ્ટ કોપીમાં કે હાર્ડકોપીમાં મળેલી કૃતિઓ સ્પર્ધા માટે માન્ય ગણાશે (જો રચના ઈમેલ દ્વારા મોકલવામાં આવે તો તે વર્ડ ફોર્મેટમાં જ મોકલવાની રહેશે). કૃતિ મોકલાનાર ગુજરાતીલેક્સિકોનની વેબસાઇટ ઉપર આવેલા કોન્ટેસ્ટ (સ્પર્ધા) પેજ પર જઈને પણ પોતાની કૃતિ મોકલાવી શકે છે (**http://www.gujaratilexicon.com/contest**)
- કૃતિ મોકલનારે પોતાનું પૂરું નામ, પીનકોડ સાથેનું સરનામું, ઈમેલ આઈડી, સંપર્ક નંબર વગેરે લખીને, પોતાના પાસપોર્ટ સાઈઝના એક ફોટા સાથે કૃતિ મોકલવાની રહેશે. અધૂરી વિગત કે અપૂરતી માહિતીવાળી કૃતિ માન્ય ગણાશે નહીં.
- સ્પર્ધાનાં પરિણામો અને વિજેતા અંગેનો આખરી નિર્ણય અમારી નિર્ણાયક સમિતિને હસ્તક રહેશે જેને દરેક સ્પર્ધકે માન્ય રાખવાનો રહેશે.
- દરેક સ્પર્ધામાં બે વિજેતાઓ જાહેર કરવામાં આવશે.
- કોઈ કારણસર જો સ્પર્ધાની મુદત લંબાય થાય કે કદાચ બંધ પણ રહે તો તેના સર્વ હક્કો આયોજકો પાસે અબાધિત રહેશે.

આભાર,

મૈત્રી શાહ

ગુજરાતીલેક્સિકન ટીમ

(+91 – 98 25 26 30 50)